સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

સરકારી-તંત્ર આખું ચાલે છે હવે કોન્ટ્રેક્ટથી -
રહેતી નથી જવાબદારી કોઇની કોન્ટ્રેક્ટથી -
કોન્ટ્રેક્ટી પર ઓઢાળી દે ચાદર કૌભાંડની -
સમજે છે, જાતે પણ આવ્યા છે, કોન્ટ્રેક્ટથી..
(કંત્રાટી સરકાર)

હાઈકુ

બંધાયા લોભે -
'જનતા પરિવાર'
સ્વાર્થ સંબંધે..
(કૂતરાં-બિલાડાં નો સંપ)

ભરાયું પેટ
'ગુજકોમાસોલ'થી
નટુ પટેલ..
(ભરાયો ઘડો?!)

ચિંતન

પંચમે અહનિ ષષ્ઠે વા શાકં પચતિ સ્વે ગૃહે । અનૃણી ચા પ્રવાસી ચ સ વારિચર મોદતે ॥

'ખરેખર જળચર પ્રાણીઓ ખૂબ જ સુખી અને ખૂશખૂશાલ આનંદીત જ રહે છે. કારણ કે એમને માથે કોઇ દેવું-ઋણ નથી. જેને ધન કમાવા માટે દૂર સુધી (અપ-ડાઉન કરી) દેશ-વિદેશમાં પ્રવાસ કરવો પડતો નથી. પછી ભલે ને તેના ઘરમાં પાંચ-પાંચ છ દિવસ સુધી ખાવા માટે માત્ર 'શાક' (વનસ્પતિ જ હોય) છતાં નિશ્ચિંત થઇ મોજમાં જ રહે છે.'

કહેવત છે ઇશ્વર 'કીડીને કણ અને હાથીને મણ' આપે જ છે જેણે દાંત અને પેટ આપ્યાં છે એણે પેટ ભરવાની પણ વિચારણા કરી જ હશે ને? જળચર પ્રાણીઓ - માછલાં - કાચબા - બતકો ક્યાંય કોલેજ કે રોજગાર કચેરીમાં નામ નોંધાવા ગયાં છે? પેટ ભરવા કોઇ માછલી-કાચબા એ કૌભાંડ કર્યાં નું છાપામાં વાંચ્યુ છે? અને છતાંય એને વનસ્પતિઓ - શાકભાજીનો 'પેટભર' ખોરાક મળી જ રહે છે? કોઇએ ભૂખ્યાં-આત્મહત્યા કરી?

ત્યાં ને ત્યાં પાણીમાં જ રહે છે નિશ્ચિંત રહી ખેલકૂદ કરે છે અને વનસ્પતિ ખાય છે.

આપણે પણ સાદગીથી - સંતોષથી - ઇશ્વર ભરોસે સમર્પિત થઇ રહીએ તો દોડધામ કરવાની જરુર નથી.

સુવિચાર

- મનડું જો થઇ જાય ઠીક.. તો જ ટળે સો ભવની બીક - શૂન્ય પાલનપુરી
- 'માતૃત્વ' એક કીમિયો છે. કથીરનું કંચન અને પોખરાજ નો હીરો કરવાની એનામાં શક્તિ છે - ભાગવત દર્શન
- મદદ ના જે હાથની મને જરુર છે એ મારા ખભાની છેડે સાબૂત છે એ સમજ આવતાં જ માણસ મજબૂત બની જાય છે - અખંડ આનંદ
- પ્રશંસાના પુષ્પો શોધતો ફરે છે એ પોતાનું સુખ બીજાને હવાલે કરે છે - બર્નાડ શો
- હું માનતો નથી કે કોઇ વૃદ્ધ થતું હોય છે, પણ જિંદગીમાં એક ઉંમર એવી આવતી હોય છે કે માણસ ઊભો રહી જાય છે અને સડવા લાગે છે - ટી.એસ. ઇલિયટ
- સત્યને પુસ્તકમાં બાંધીને મુકીએ ત્યારે શુદ્ધ, સ્વચ્છ અને નિર્દોષ લાગે છે, પણ વ્યવહારમાં મૂકીએ ત્યારે અનેક માણસો તેમાં ખોડ કાઢી શકે છે - કાંતિ ભટ્ટ
- જે ક્ષણે તમને મરવાની ઇચ્છા થાય ત્યારે એમ સમજી લેવું કે તમારી જીવન વિશેની સમજણની શરુઆત થઇ ચૂકી છે - રજનીશ

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

માણસ પૂર્વજન્મના સંસ્કાર, સત્સંગ, વાચન અને ચિંતનથી જ મહાન થઇ શકે છે કોઇની નકલ કરવાથી એના જેવા કે મહાન થઇ જવાતું નથી.

કાગડો અને હંસ સરોવર કાંઠે રહેતા હતા. બંને વચ્ચે વાતચીતનો સંબંધ હતો પણ મૈત્રી નહીં તેમાંય કાગતો તો હંસનું સૌંદર્ય અને ખોરાક મેળવવાની સુવિધા જોઇ ઇર્ષાથી ખૂબ જલતો હતો. આમ છતાં પણ હંસ ક્યારેક ક્યારેક તેને માછલી આપતો.

કાગડાને આખો દિવસ ઉકરડા ચૂંથવા પડતા અને તડકામાં ભટકવું પડતું - આથી હંસને પૂછ્યું - તમને આવી સફેદ દૂધ જેવી પાંખો અને ખોરાકની સુવિધા કેવી રીતે પ્રાપ્ત થઇ - તમે કંઇ સાધના-તપ કર્યા હતા?

હંસ હતો મારા જેવો ટિખડી, એ કાગડાની ઇર્ષા પામી ગયો. એણે કહ્યું અમે આખો દિવસ પાણીમાં જ રહીએ છીએ પાંખો ધોવાઇ-ધોવાઇ સફેદ થઇ ગઇ છે.

કાગડાએ પણ પોતાની પાંખો મહાપ્રયત્ને ખંખેરી કાઢી અને હંસ થવા સરોવરમાં ડૂબકી મારી - એક-બે ક્ષણ પાણી પર રહ્યો પણ તરવાની પાંખો કે તાકાત કે આવડત ન હતાં ડૂબી જઇ - જીવ ગુમાવ્યો.

કોઇ માણસ ખોટી નકલ કે અવનવાં કપડાં પહેરી પહેરી હંસ થઇ જતો નથી એને માટે સંસ્કાર અને સ્વભાવ જોઇએ.

Email - sureshchandrabhatt18@gmail.com

કરૂણાના વલોપાતમાંથી હાસ્યનું નવનીત શોધવાની મથામણ કરતા કલાકારની કથા 'રંગલાની રામલીલા'

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

દરરોજ સવારે તમારા હાથમાં અખબાર આવતાં સાંપ્રત ઘટના પર કોઇ વ્યંગ, કટાક્ષ કરતું ઠઠ્ઠાચિત્ર તો તમે જોયું જ હશે. કેમ કે એ સૌથી પહેલું તમારી દૃષ્ટિએ પડ્યા વિના રહેતું નથી. આવાં કાર્ટૂનમાં જે કસબ હોય છે અને રજૂઆતનું જે વૈવિધ્ય હોય છે. તેના કારણે દરેક કાર્ટૂનિસ્ટ અલગ પડતા હોય છે. કાર્ટૂનનો વ્યવસાય અને વિચારશૈલી તથા દોરવાની જુદી જુદી સ્ટાઇલો અનેક છે. આર.કે. લક્ષ્મણથી માંડીને શંકર વિકલીવાલા, શંકર ડેવીડલોથી માંડીને ગુજરાતીમાં બંસી વર્મા, દેવ ગઢવી અને ઇન્દ્રદેવ આચાર્યના કાર્ટૂનો તમે જોયાં હશે અને જોતાં પણ હશો. માણસમાં રહેલી ગાફલ બંદાની માનસિક વૃત્તિઓની સૃષ્ટિનું દર્શન કરવાનું આ શાસ્ત્ર છે.

આવી કાર્ટૂન કળાની સાથે સાથે અભિનય, નાટ્યલેખન, પ્રવચન, વ્યંગચિત્ર લેખન, રંગલાની રજૂઆત અને પ્રવાસ એમ સપ્તરંગીનું સંમિશ્રણ ધરાવતું વ્યક્તિત્વ એટલે ડૉ. જયંતિ પટેલ 'રંગલો'. તેમના જીવન અને કાર્યો વિષે લખાયેલ પુસ્તક વિશે આજે મારે તમને વાત કરવી છે.



'રંગલાની રામલીલા' નામે પ્રગટ થયેલ આ પુસ્તકમાં જયોતિન્દ્ર દવે મારફત ડૉ. જયંતિ પટેલનો પરિચય અપાવો છે. 'રંગલો' નામે કાર્ટૂનના વિચારો, અભ્યાસ, વિવેક અને દુનિયાના કાર્ટૂનિસ્ટો સાથેના સત્સંગથી તેમની કાર્ટૂન કળાનો વિકાસ થયો છે. કુમાર, નવનીત અને બીજાં અનેક મેગેઝીનોમાં આ કલાની વિશેષતા અને કાર્ટૂનિસ્ટોના ઇન્ટરવ્યુ તેમણે રજૂ કર્યા છે.

ડૉ. જયંતિ પટેલે કાર્ટૂન ઉપરાંત રેડિયોઘર, રંગમંચ પર, તથા ટીવીમાં દીના પાઠક 'મારી રંગલી અને હું રંગલો' એ રેડિયો તથા રંગમંચ પર તેના અભિનેતાને અદ્યતન ભવાઇના સ્વરુપે રજૂ કરેલ છે. ભવાઇના સ્વરુપનો તેમનો વનમેશ શૉ 'મારો અસત્યનો પ્રયોગો' સો નાઇટ તેમના મુખ્ય પાત્ર સાથે થયેલાં છે.

ડૉ. જયંતિ પટેલે તેમની જીવનયાત્રાના પહેલાં પચ્ચીસ વર્ષ અમદાવાદમાં. પછી પચ્ચીસ વર્ષ મુંબઇમાં અને ત્યારબાદ પચ્ચીસ વર્ષ અમેરિકામાં સમયના પ્રવાહમાં રંગલાની સાથે પસાર કર્યા છે. ભિન્ન ભિન્ન પ્રકારના નાટકોમાં એમને યાદગાર ભૂમિકા ભજવી છે. કવચિત નાટકની, કવચિત પ્રતિનાયકની, કવચિત ભલા ભોળા ને સહેલાઇથી ઠગાઇ જતા લગભગ ભોટ કહેવાય એવા પાત્રની, કવચિત આંખમાંથી આંસુ પડે તેવા કરુણપાત્રની અને હમણાં હમણાં એક જ પાત્ર દ્વારા રજૂ થયા જુદા જુદા ભાવ-સ્વભાવ ને દેખાવવાળા જયંતિ પટેલની ભૂમિકા તેઓ સફળતાપૂર્વક રજૂ કરે છે. નાટ્યાભિમાનમાં તેમણે સારી સિદ્ધિ અને ભૂમિકા મેળવી છે. કટૂ અનુભવને પણ મીઠ બનાવી એમાંથી રમૂજ મેળવવાની બક્ષિસ કુદરતે તેમને આપી છે. તેથી ક્યારેક પોતાની નિષ્ફળતાનું વર્ણન પણ તેઓ એવી સફળતાથી કરે છે કે જાણે નિષ્ફળતાની એ ભૂમિકા પોતે રાજીખુશીથી, અક્કલ, હોંશિયારીથી ભજવી બતાવી હતી. અને પ્રેક્ષક એમની એ અભિનયપટૂતાની છેતરાઇ ગયા હતા. એમ સાંભલનારને લાગે.

કેટલીયવાર એ મુરખ ભોટની મુદ્રા ધારણ કરે છે. અને એ મહોરું એવી ખુબીથી પહેરી છે કે જોનારને એ મહોરાં તરીકે નહીં પરંતુ એમની સાચી મુખ મુદ્રા તરીકે જ પ્રતીત થાય. પરંતુ એ મહોરા દ્વારા એ દર્શાવે છે કે પોતે ધારણ કરેલ મહોરું પોતાને નહીં પણ બીજાઓને ઘણાં ઘણાને બંધબેસતું થાય એવું છે.

'રંગલાની રામલીલા' પુસ્તકમાં બેંતાલીસ પ્રકરણોમાં ડૉ. જયંતિ પટેલના જીવન અને કાર્યોની ઝાંખી મળે છે. સાથોસાથ પાને પાને તેમનાં દોરેલાં કાર્ટૂનો પણ વાચકને ભરપુર ખુશ કરીને આગળ વાંચવા પ્રેરે તેવાં છે. દરેક પ્રકરણના શિર્ષકો પણ તેમાં રહેલી સામગ્રીનાં દ્યોતક છે. જેમ કે - રંગલાની રામલીલા, રંગલાનો લલ્લુરત્નો સંપ્રદાય, રંગલાનું નવું ભજન, રંગલાની ખાનગી વાત, શેખચલ્લી રંગલો, રંગલાના પોસ્ટલ સ્ટેમ્પ, રંગલાના રોગનો ભેદભરમ, રંગલો ચંદ્રલોકમાં, સી.બી.આઇ. રંગલો, ફેશનમાં રેશન, રંગલાનું પંચાગ, પ્રોફેસર રંગલો, રંગલો તરવાડી, રંગલાની પરદેશી પીપુડી, રંગલાનો બફાટ, રંગલાનું બ્રહ્મસત્ય, રંગલો કંઇ વાડીનો મૂળો, ક્રિકેટર રંગલો, રંગલાની ઉત્તરાયણ, તોપમારું રંગલો, રંગલાનો દશાબ્દી મહોત્સવ, હાથમાં તેની બાથમાં, વગેરે...

'રંગલાની રામલીલા' ના લેખક ડૉ. જયંતિ 'રંગલો' નો જન્મ તા. ૨૫-૫-૧૯૨૪ ના રોજ અમદાવાદમાં થયો હતો. સને ૧૯૪૨માં તેમણે ક્વિટ ઇન્ડિયા ચળવળમાં ભાગ લીધો હતો. તેના પરિણામે આજે પણ લંગડાતા પગે એ ચાલે છે અને ગાંધીજીના વિચારોમાં આજે દેશ સાથે લંગડો થઇ ગયો એમ જીવતા શહીદો તરીકે એ માને છે. 'અખંડ આનંદ' મેગેઝીનમાં દસ વર્ષે રંગલાના કાર્ટૂનોએ વાંચકોને હસાવ્યા છે. ભવાઇના સ્વરુપે રેડિયો ઉપર 'રંગલા-રંગલી'ના પ્રોગ્રામમાં દીના બહેન ગાંધી સાથે તેઓ બે દાયકા સુધી સંસારનો ભવાડો રજૂ કરતાં રહેલા. આનંદ યોગના મંત્ર 'તાક્ થૈયા થૈયા તા થૈ થૈ' નો સંદેશો તેમણે સૌને નાદયોગથી પહોંચાડ્યો છે. ૧૯૬૭માં તેમણે જે. એફ. કેનેડીની સ્કોલરશીપ મળતાં અમેરિકા, ફ્રાન્સ, જર્મની, ઇંગ્લેન્ડમાં નાટક ભજવનારી સંસ્થાઓ, કાર્ટૂન, કાર્ટૂનિસ્ટોનાં સંપર્કથી કાર્ટૂન અને નાટકોમાં ભવાઇનાં ક્ષેત્રે ઢાંચાના ખાંચામાંથી યૂ-ટર્ન લેવાની તક પ્રાપ્ત થઇ હતી.

હાલમાં અમેરિકાના ન્યૂયોર્કમાં આનંદ આશ્રમમાં છેલ્લા પચ્ચીસ વર્ષથી 'થૈ થૈ' થિયેટર (અમેરિકામાં જેનું નામ ઇનર બ્રોડ કાર્ટૂનિસ્ટોનાં કાર્ટૂનો દ્વારા વર્કશોપ, ઉપરાંત યોગ, ટી.વી. રેડિયો અને ત્યાંની ફિલ્મોના વિવેચક તરીકે તેઓ ઝઝુમતા રહ્યા છે. અનુભવો શબ્દ અને કાર્ટૂન રુપે મળે છે. તે ખુબ જ પ્રેરણાદાયક અને સંઘર્ષરત કલાકારોને બળ પુરુ પાડનાર પુરવાર થાય તેવા છે. આવું સુંદર પુસ્તક આપવા બદલ ડૉ. જયંતિ પટેલ 'રંગલો' ને અભિનંદન પાઠવું છું અને પુસ્તકને આવકારું છું.

રંગલાની રામલીલા
લેખક - ડૉ. જયંતિ પટેલ 'રંગલો'.
પ્રકાશક - ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે
ગાંધી માર્ગ, અમદાવાદ - ૩૮૦૦૦૧
પૃષ્ઠ - ૧૬૦, કિંમત રૂા. ૨૫૦/-
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩

દરેક વ્યક્તિ જીવનમાં સફળતા મેળવવા માટે અથાગ મહેનત કરતી હોય છે, પરંતુ બધાને સફળતા નથી મળતી, જ્યારે વ્યક્તિને નિષ્ફળતાનો સામનો કરવાનો આવે છે ત્યારે સમજાતું નથી કે સફળતા મેળવવામાં ક્યાં ચૂક થઇ ગઇ?

હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

ઓફિસમાં તમારી નાની-નાની વાતો અને આદતો માત્ર તમારી છબિ નથી બગાડતા, પરંતુ તમને જિંદગીમાં આગળ વધતા પણ અટકાવે છે. કેટલીક આદતો ઓફિસમાં તમારી સફળતામાં બાધારુપ સાબિત થતી હોય છે. જેની કદાચ તમને પણ ખબર નથી હોતી. તો ચાલો આજે આપણે તે આદતો વિશે જાણીએ અને તેને દૂર કરવાની કોશિશ કરીએ.

દરેક વ્યક્તિ જીવનમાં સફળતા મેળવવા માટે અથાગ મહેનત કરતી હોય છે, પરંતુ બધાને સફળતા નથી મળતી. જ્યારે વ્યક્તિને નિષ્ફળતાનો સામનો કરવાનો આવે છે ત્યારે સમજાતું નથી કે સફળતા મેળવવામાં ક્યાં ચૂક થઇ ગઇ? પરંતુ તેઓ એ નથી જાણતા કે આપણી નાની-નાની આદતો જ આપણને નિષ્ફળતાના દ્વારે લાવીન ઊભા કરી દે છે.

વ્યવસાયિક મહિલાઓએ ઘણાં કામ ધ્યાનમાં રાખવાના હોય છે, પરંતુ પોતાના પર્સનલ કામ કરવામાં ઓફિસમાં કામને અસર ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઇએ. ઓફિસનો જે સમય હોય તે સમયે ત્યાં હાજર રહેવું. મોડા આવવું એ ઘણાં લોકોની આદત બની ગઇ છે. મોડા આવનાર અમુક કર્મચારીની દેખાદેખીથી બીજા કર્મચારીઓ પણ ઓફિસમાં મોડા આવવા લાગે છે. જેની અસર કામ ઉપર પડતી હોય છે. સફળતા મેળવવા માટે સખત પરિશ્રમ કરવાની સાથે બોસની સામે તમારી ઇમ્પ્રેશન પણ સારી હોવી જોઇએ, પરંતુ જો તમે ઓફિસ મોડા પહોંચશો તો બોસ તમે બેજવાબદાર જ સમજશે અને બની શકે કે પ્રમોશન મેળવવાની તમારી ઇચ્છા તમારા મનમાં જ રહી જાય. જો તમે એવું ન ઇચ્છતા હોય તો ઓફિસ સમયસર પહોંચવાની ટેવ પાડો.

દરેક ઓફિસમાં એવા લોકો હોય છે જેને ઓફિસ ગપસપ કરવાની મજા આવે છે. આવા લોકો પોતાનું કામ છોડીને ગપ્પા મારવા લાગેલા હોય છે, પરંતુ આવા લોકોને કોઇ પસંદ નથી કરતું. આવા લોકોને પર્સનલ અને પ્રોફેશનલ લાઇફને જુદી રાખતા નથી આવડતું અને એને લીધે તેઓ અનેક મુશ્કેલીઓમાં મુકાઇ જતાં હોય છે. જો તમે પણ ઓફિસમાં આવું કરતાં હોય તો અત્યારે જ સાવધાન થઇ જાવ, કારણ કે તેની અસર તમારા કામ પર પડશે.

ઘણી વ્યવસાયિક મહિલાઓ આવી આદત ધરાવતી હોય છે. અમુક મહિલાઓ નાની-નાની વાતોમાં ફરિયાદ કરતી હોય છે. તેમને એવું લાગતું હોય છે કે આખી ઓફિસનું કામ તેમના એકના માથે જ છે. તેમને જો કોઇ નાનકડું કામ પણ સોંપવામાં આવે તો તેઓ રડવાનું શરુ કરી દેતા હોય છે... કોઇ તેમને કંઇ કહી પણ દે તો પણ તેમનું રડવાનું શરુ થઇ જતું હોય છે. જો તમે પણ આવા લોકોની કેટેગરીમાં આવતા હોય તો બને તેટલા જલ્દી આ આદત બદલી નાખજો. તમારી આ આદતને લીધે તમારા બોસને એવું લાગશે કે તમે કોઇ જવાબદારી ઉપાડવા માટે યોગ્ય નથી અને તેઓ તમને કોઇ અગત્યની જવાબદારીવાળુ કામ સોંપશે નહીં.

ઘણી મહિલાઓ ઓફિસમાં હાઇજીનનું સહેજ પણ ધ્યાન નથી રાખતી. પોતાની કેબિન હોય કે પછી મીટીંગ રુમ તેઓ કોઇ પણ જગ્યાએ હાઇજીન નથી રાખતા. આવા લોકોથી ઓફિસના અન્ય કર્મચારીઓ નફરત કરે છે અને તેમનાથી દૂર ભાગતા રહે છે. આ આદત બીજા માટે નહીં પરંતુ તમારા ખુદના સ્વાસ્થ્ય માટે પણ સારી નથી. બંને ત્યાં સુધી ઓફિસમાં પણ હાઇજીનનું ધ્યાન રાખો. પોતે ચોખ્ખા રહો અને તમારા ડેસ્કને પણ સાફ રાખવાની કોશિશ કરો.

કંપની અને બોસની નિંદા કરવાવાળા લોકોની કોઇ કમી નથી. આવા લોકો સ્વયં તો કંપનીની નિંદા કરતા જ હોય છે. પરંતુ સાથોસાથ બીજા લોકોને પણ ઉશ્કેરતા હોય છે, જો તમને તમારી ઓફિસ પસંદ ન હોય તો ક્યાંક બીજે નોકરી શોધવાની કોશિશ કરો, પરંતુ વાતે - વાતે કંપનીની કે બોસની નિંદા ન કરો.

ઓફિસમાં અમુક લોકો ટાઇમપાસ કરવા માટે લોકપ્રિય છે. કામને ટાળવું, પોતાનું ડેસ્ક છોડી બહાર ફરવું અને ટાઇમપાસ કરવો એ તેમની આદત હોય છે. આવા લોકો પોતાનો સમય તો બરબાદ કરતાં જ હોય છે. પરંતુ બીજા સાથે બેસીને તેમને પણ કામ નથી કરવા દેતા. ઓફિસમાં આ રીતે વ્યર્થ સમય વેડફનાર લોકો પોતાની સફળતામાં સ્વયં બાધારુપ બનતા હોય છે. બોસની નજરમાં તેઓ ક્યારેય પોતાને યોગ્ય અને જવાબદાર નથી સાબિત કરી શકતા અને પરિણામે વરસો સુધી એક જ પોસ્ટ ઉપર રહે છે. જો સફલતાનાં પગથિયાં ચડવા હોય તો ઓફિસમાં ટાઇમપાસ કરવાની આદતથી બચો.

ઓફિસમાં જો સૌથી વધુ કોઇ બાબત તમારી સફળતાને અટકવાતી હોય તો તે છે કામ પ્રત્યે તમારી બેદરકારી. કામમાં બેદરકારી કામ વખતે બહાર જતા રહેવું અથવા ખોટા બહાના કાઢવા વગેરે જેવી આદતો તમારા બોસ સામે જ નહીં. પરંતુ તમારા સહકર્મચારીઓ સામે પણ તમારી છબિને ખરડે છે. આવા લોકો ક્યારેય પોતાના કામ પ્રત્યે કાળજી નથી લેતા અને તેના પરિણામે કાયમ માટે તેમના કામમાં કંઇકને કંઇક ભૂલ થયા કરતી હોય છે. જો તમે પણ આજ રીતે આવી આદતોથી બંધાયા છો તો તેને તરત જ બદલી નાંખો. અન્યથા નિષ્ફળતાનો સામનો કરવાનો સમય આવશે. તો વ્યવસાયિક મહિલાઓ હવે તમારી જૂની આદતો છોડી એક નવી અને કુશળ જિંદગી જીવો.

માણસ અને અન્ય જીવો વચ્ચેનો તફાવત

રોહિતોપદેશ

- રોહિત શાહ

આપણને આઘાત આપવાનું કામ માત્ર સ્વજનો જ કરી શકે છે. શત્રુઓ આપણને પીડા અને કષ્ટ આપી શકે, પરંતુ કદી આઘાત ન આપી શકે. જેની પાસેથી આપણને આનંદ-સુખની અપેક્ષા હોય તે જ આપણને આઘાત આપી શકે. જેની પાસેથી એવી કોઇ અપેક્ષા ન હોય તે કઇ રીતે આઘાત આપી શકે? સ્વજનો મિત્રો આપણી અપેક્ષા મુજબ ન વર્તે ત્યારે આપણને આઘાત લાગે છે. શત્રુઓ પાસેથી તો આપણે કોઇ અપેક્ષા જ નથી રાખતા ને ! ઇન શોર્ટ, અપેક્ષા જ દુઃખોની જનેતા છે. જો અપેક્ષા ન હોય તો દુઃખ પણ ન હોય.

અપેક્ષા જો દુઃખની જનેતા છે તો આસક્તિ દુઃખની માસી છે. અપેક્ષા અને આસક્તિનાં કાર્યક્ષેત્રો ભિન્ન છે, છતાં બંને તરફથી મળતું પરિણામ એક જ છે.

ઇચ્છિત સુખ મળે એવી આપણને અપેક્ષા છે. પ્રાપ્ત સુખનો વિયોગ ન થઇ જાય એની આપમને આસક્તિ રહે છે. અપેક્ષા સુખ-પ્રાપ્તિ માટેની લાલચ જગાડે છે અને આસક્તિ પ્રાપ્ત સુખો પ્રત્યે મોહ જગાડે છે.

જેના જીવનમાં અપેક્ષા તથા આસક્તિ ન હોય તે વ્યક્તિ સૂટ-બૂટ પહેરતી હોય તો ય સાધુ છે અને જેના જીવનમાંથી અપેક્ષાઓ તથા આસક્તિઓ દૂર ખસવાનું નામ ન લેતી હોય તે વ્યક્તિ શ્વેત કે ભગવા વસ્ત્રો ધારણ કરનાર હોય તોય સાધુ નથી. વેશમાં સાધુત્વ ભાળનારા લોકો ભોળા નથી, ભોટ જ છે. ભોટ ભક્તોનાં ટોળેટોળાં પાખંડીઓને સહેલાઇથી મળી જાય છે. કહેવાતા ત્યાગીઓ - સાધુઓ પરિવારને તો છોડી દે છે, પરંતુ પછી શિષ્યો અને ભક્તોનાં ચક્કરમાં આજીવન ઝૂરતા રહે છે.

અન્ય જીવસૃષ્ટિ કરતાં માણસ અનેક રીતે અલગ પડે છે. થોડીક એવી બાબતો ધ્યાન દઇને સાંભળો :

(૧) માણસ હસી શકે છે, અન્ય કોઇ જીવ (પશુ, પક્ષી, કીટક, જીવાણું) હસી શકતો નથી.

(૨) માણસ જીવનભર દૂધ પીએ છે, અન્ય તમામ જીવો માત્ર શિશુ-અવસ્થામાં જ દૂધ પીએ છે. બિલાડી - કૂતરું વગેરેને તમે દૂધ પીતાં જોયા હશે, પરંતુ એ તો અન્ય આહારના માત્ર વિકલ્પરુપે જ પીએ છે. માણસને આહાર મળે તોય દૂધનો આગ્રહ આગ્રહ રાખે છે.

(૩) માણસ આહાર રાંધીને ખાય છે, અન્ય તમામ જીવો કાચો આહાર (રાંધ્યા વગરનો) લે છે.

(૪) માણસ વસ્ત્રો પહેરે છે, અન્ય જીવો દિગંબર રહે છે.

(૫) માણસ સેક્સની ક્રિયા એકાંતમાં, કોઇ ન જુએ એ રીતે કરે છે, અન્ય જીવો માટે એમાં કશું છુપાવવા જેવું નથી.

(૬) માણસ શિક્ષણ લે છે, વ્યવસાય કરે છે, વિકાસ કરે છે; અન્ય જીવો માત્ર જીવે છે. પશુ-પંખીઓ માણસની જેમ વિકાસ માટે કશી સ્ટ્રગલ કરતાં નથી.

(૭) માણસ બિમાર પડે છે ત્યારે સારવાર કરાવવા માટે ડોકટર પાસે જાય છે, ડોકટરની અને દવાની ફી ચૂકવે છે; અન્ય જીવો જાતે સારવાર લેવા જતા નથી.

(૮) માણસ દરેક સંબંધને નામ આપે છે. પશુ-પંખીઓના વિશ્વમાં માતા-પિતા, કાકા-કાકી, મામા-મામી, સાસુ-સસરા, વેવાઇ-વેવાણ, પુત્રવધુ-જમાઇ જેવી કોઇ રિલેશનશિપ હોતી નથી. એમાં તો માત્ર એક નર હોય છે અને એક માદા હોય છે. એક કૂતરો અનેક કૂતરીઓને ગર્ભવતી કરે તોય એને કોઇ ચારિત્ર્યહીન કહેતું નથી. ગાય-ભેંસને અખંડ સૌભાગ્યવતી રહેવાનું હોતું નથી. સિંહણ કદી વૈધવ્ય પાળતી નથી.

(૯) માણસને વારસદાર હોય છે, પશુ-પંખી વગેરેને વારસદાર કે વંશવેલાનાં વળગણ હોતાં નથી.

(૧૦) માનવસમાજે કાયદાઓ પાળવાના હોય છે. માણસ કોઇની હિંસા કરે, ધમકી આપે, બળાત્કાર કરે, ચોરી-લૂંટ કરે અને પકડાઇ જાય તો તેને પનિશમેન્ટ થઇ શકે છે. અન્ય જીવસૃષ્ટિમાં તો પોતાની તાકાત એ જ કાયદો હોય છે.

આવા તફાવતોનું લિસ્ટ હજી લંબાવી શકાય. જ્ઞાનીઓએ કદાચ તફાવતોની સંખ્યા જોઇ એનું લિસ્ટ આપવાને બદલે સમાનતાઓની સંક્ષિપ્ત વાતને જ રજૂ કરવાનું મુનાસિબ માન્યું હશે. આહાર, નિદ્રા, ભય અને મૈથુન (સેક્સ) આ ચાર બાબતો દરેક જીવનમાં સમાન હોય છે. માણસ જો એ ચાર બાબતોને જ પ્રાધાન્ય આપીને જીવે તો તેની ગણના પશુ સાથે કરવી પડે.

પરંતુ સૌથી મોટું સત્ય તો એ છે કે અપેક્ષાઓ અને આસક્તિઓ સહિતનું જીવન પશુથીયે બદતર હોય છે. આપણે એના જીવનની વેગળા રહી શકીએ તો નો પ્રોબ્લેમ.